# BUSINESS મિત્ર

## આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઇલના ભાવ વધુ ઉછળ્યા : નિફ્ટી 23900ની નીચે

# સેન્સેક્સ-નિફ્ટી સતત ચોથા દિવસે તૂટતા રોકાણકારોના રૂ. 3 લાખ કરોડ ડુબ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ ઉછળ્યો હતો અને બ્રેન્ટ ક્રુડ 98 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું હતું, જે 100 ડોલર તરફ આગેકૂચ કરી રહ્યું છે. આમ, શેરબજારમાં સતત ચોથા દિવસે ઘટાડો નોંધાયો હતો. જ્યારે નિફ્ટી 23900 પોઈન્ટની સપાટી તોડી નાંખી હતી. આજે પણ લાર્ઝકેપ શેરોની સાથે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી હાવી રહી હતી. જેમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ એક-એક ટકા સુધી ઘટ્યો હતો. જેના લીધે રોકાણકારોના રૂપિયા 3 લાખ કરોડ ડુબી ગયા હતા.

સેકટર વાઈઝ જોઈએ તો આજે ઓટો સેકટરે બજાર સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. ઓટો વેચાણના આંકડા સારા આવ્યા હોવાથી ઓટો શેરોમાં લેવાલી નીકળી હતી. બીજી તરફ, પીએસયુ બેન્ક, રિયલ્ટી ઈન્ડેક્સમાં વેચવાલી હાવી રહી હતી. સતત ચાર દિવસની વેચવાલીમાં બે દિવસમાં માર્કેટ બ્રેડથ 5 લાખ કરોડ રૂપિયા ઘટ્યો હતો. બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ઘટીને રૂ. 476 કરોડ થઈ છે.

બીએસઈ સેન્સેક્સ 363.66 પોઈન્ટ એટલે કે 0.47 ટકા ઘટીને 76391.39 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં 76726 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 76151 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 126.65 પોઈન્ટ એટલે કે 0.53 ટકા ઘટીને 23900 પોઈન્ટની સપાટી તોડીને 23869.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23990 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23807 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 534.80 પોઈન્ટ એટલે કે 0.94 ટકા વધીને 56592 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે યુનાઈટેડ સ્પીરીટસમાં 14.1 ગણા, એનટીપીસી ગ્રીન એનર્જીમાં 12.86 ગણા, સીઆઈઈ ઓટોમોટિવ ઈન્ડિયામાં 7.17 ગણા, ક્રિષ્ણા ઈન્સ્ટીટ્યુટમાં 5.13 ગણા, અને નિપ્પોન લાઈફમાં 5.02 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે એનટીપીસી ગ્રીન એનર્જીમાં 32.8 ગણા, સીઆઈઈ ઓટોમોટિવમાં 28.63 ગણા, પીવીઆ આઈનોક્સમાં 9.84 ગણા ઓરેકલ ફાઈનાન્સીયલ સર્વિસીસ સોફ્ટવેરમાં 8.89 ગણા અને એચઈજી લિ.માં 7.6 ગણા કામકાજ નોંધાયા છે.

સતત બીજા દિવસે બ્રોડર માર્કેટમાં વેચવાલી રહી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 1.01 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 1.20 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નરમાઈ જોવા મળી હતી. બીએસઈ ખાતે 1642 શેરો વધ્યા હતા, જ્યારે 2579 શેરો ઘટ્યા હતા અને 182 શેરોમાં કોઈ ફેરફાર થયો નહતો. કોમોડિટી બજારમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 4.11 ડોલર એટલે કે 4.37 ટકા વધીને 98.18 ડોલર પ્રતિ બેરલ બોલાયો છે.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.81 ટકા ઘટાડો જોવાયો હતો. જેમાં અનંતરાજ, બ્રિગ્રેડ એન્ટર, પ્રેસ્ટીજ એસ્ટેટ, ગોદરેજ પ્રોપર્ટીઝ, શોભા, ઓબેરોય રિયલ્ટી, ડીએલએફ, લોઢા ડેવલપર્સ, એબી રિયલ એસ્ટેટ અને ફોનીક્સ મીલ્સ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ જોન્સ ફ્યુચર્સ 236 પોઈન્ટ ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જેથી આજે અમેરિકાના બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. આલ્ફાબેટના કવાર્ટરના પરિણામો પછી યુરોપિયન બજારો નીચા સ્તરે છે. જ્યારે યુરોપિયન સેન્ટ્રલ બેન્ક નીતિગત નિર્ણય રોકાણકારો મીડલ ઈસ્ટના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મુખ્ય યુએસ ટેકનોલોજી કંપનીઓને મજબૂત મુડી ખર્ચની યોજનાઓની જાહેરાત કર્યા પછી એશિયન બજારો ઉંચા બંધ થયા હતા, જે ચિપમેકર્સની આસપાસના સેન્ટિમેન્ટને વેગ આપે છે. જોકે, મીડલ ઈસ્ટમાં વધતા તણાવને કારણે ક્રુડના ભાવ છ અઠવાડિયાની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએશઈ 0.22 ટકા, કેક 1.15 ટકા અને ડેક્સ 0.70 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી0.38 ટકા, હેંગસેંગ 1.16 ટકા, તાઈવાન 0.06 ટકા, કોસ્પી4.22 ટકા અને શાંઘાઈ 0.25 ટકા સુધારો જોવાયો હતો. જ્યારે સ્ટ્રેઈટસ 0.25 ટકા અને જકાર્તા 0.30 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો બેઉ તરફી વધઘટે સપાટ રહ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 23:** આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઇલના ભાવ ઉછળી રહ્યા છે. હોર્મુઝ બાદ લાલ સમુદ્રમાં હુથી બળવાખોરોની ધમકી બાદ ક્રુડ ઓઇલના ભાવ વધુ ઝડપી ઉછળી ગયા હતા. આજે ડોલર અને રૂપિયા વચ્ચે બેઉતરફી વધઘટે સપાટ બંધ રહ્યા હતા. ડોલરની સામે રૂપિયો એક પૈસા સુધરીને 96.57ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.58ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.73, પાઉન્ડ 128.76, કેનેડિયન ડોલર 68.48, ઓસ્ટ્રેલિયન ડોલર 67.59, જાપાનીઝ યેન 0.5908 અને સીંગાપોર ડોલર 74.86ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 96.57 રૂ. |
| યુરો | 109.73 રૂ. |
| પાઉન્ડ | 128.76 રૂ. |
| યેન | 0.5908 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -363.66 | 76391.39 |
| નિફ્ટી | -126.65 | 23869.60 |
| બેન્ક નિફ્ટી | -534.80 | 56592.00 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ઓટો | 2.59 | 11283.50 |
| એસબીઆઇ લાઇફ | 2.50 | 1853.50 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.71 | 3229.70 |
| ટીસીએસ | 1.57 | 2242.90 |
| આઇશર મોટર | 1.17 | 7721.50 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 4.37 | 3010.00 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.12 | 1025.80 |
| નેસલે ઇન્ડિયા | 3.06 | 1447.90 |
| અદાણી પોર્ટસ | 2.25 | 1778.50 |
| બજાજ ફાઇનાન્સ | 1.93 | 1039.80 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.70 | 3228.70 |
| ટીસીએસ | 1.51 | 2242.25 |
| ઇટર્નલ | 1.16 | 286.70 |
| બજાજ ફિનસર્વ | 0.63 | 1889.35 |
| એચસીએલ ટેક્નો | 0.61 | 1244.85 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 2.26 | 1778.30 |
| બજાજ ફાઇનાન્સ | 1.96 | 1039.50 |
| ઇન્ટરગ્લોબ | 1.89 | 5023.90 |
| એક્સીસ બેન્ક | 1.36 | 1222.95 |
| એસબીઆઇ | 1.22 | 1012.85 |

# અદાણી ગ્રુપ એરલાઈન બિઝનેસમાં ઝંપલાવશે

**એરક્રાફ્ટ** રૂલ્સ અને ડીજીસીએના નિયમોમાં ફેરફાર કરવાની તેયારી ચાલી રહી છે

અદાણી ગ્રુપ ટુંકસમયમાં ઉડ્ડયન સેકટરમાં વધુ એક મોટું પગલું ભરી શકે છે. અબજોપતિ બિઝનેસમેન ગૌતમ અદાણીનું ગ્રુપ નવી એરલાઈન શરૂ કરવાની સંભાવના પર વિચાર કરી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ભારતીય ઉડ્ડયન બજારમાં ઈન્ડીગો અને એર ઈન્ડિયાનો દબદબો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સરકાર એરક્રાફ્ટ રૂલ્સ અને ડીજીસીએના નિયમોમાં ફેરફાર કરવાની તૈયારી કરી રહી છે. આ સાથે અદાણી એરપોર્ટ અને જીએમઆર ગ્રુપ જેવા એરપોર્ટ ઓપરેટરો પણ પોતાની એરલાઈન શરૂ કરી શકશે. આગામી એક મહિનામાં નિયમોમાં ફેરફાર શક્ય છે. એરલાઈન બિઝનેસ ક્રોસ-ઓનરશિપ નિયમોની સમીક્ષા કરી શકાય છે. ઓછામાં ઓછા ૨૦ વિમાનોની સ્થિતિની પણ સમીક્ષા કરવામાં આવશે. અદાણી ગ્રુપે વર્ષ 2019માં એરપોર્ટ સેકટરમાં પ્રવેશ કર્યો હતો. હાલમાં આ ગ્રુપ તેની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝ દ્વારા દેશમાં 8 એરપોર્ટનું સંચાલન કરે છે, તેમાં મુંબઈ, જયપુર અને તિરૂવનંતપુરમ જેવા મોટા એરપોર્ટનો સમાવેશ થાય છે. અદાણી એન્ટરપ્રાઈઝ રસ્તાઓ, રિયલએસ્ટેટ અને ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા અન્ય વ્યવસાયોમાં પણ હાજરી ધરાવે છે. કાર્ગો વોલ્યુમની દ્રષ્ટિએ અદાણી પોર્ટસ ભારતનું સૌથઈ મોટું ખાનગી પોર્ટ ઓપરેટર છે. કંપની દેશમાં 15 બંદરોનું સંચાલન કરે છ. તેમાં ગુજરાતનું મુન્દ્રા પોર્ટ પણ સામેલ છે, જે દેશનું સૌથી વ્યસ્ત ખાનગી બંદર છે. બારત સિવાય અદાણી પોર્ટસ પાસે ઓસ્ટ્રેલિયા, કોલંબો, ઈઝરાયેલ અને તાન્ઝાનિયામાં પણ કુલ ચાર બંદરો છે. આ બંદરો દ્વારા કંપનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મજબૂત હાજરી બનાવી છે.

અદાણી ગ્રુપે 2022માં સિમેન્ટના વ્યવસાયમાં પ્રવેશ કર્યો હતો. આ માટે ગ્રુપે અંબુજા સિમેન્ટસ અને સ્વિટઝરલેન્ડ સ્થિત કંપની હોલ્સિમ એજીના એસીસીમાં હિસ્સો ખરીદીને આ ક્ષેત્રમાં અત્યાર સુધીનો સૌથી મોટો સોદો કર્યો હતો. ત્યારબાદથી અદાણી ગ્રુપ એક્વિઝિશન દ્વારા તેના સિમેન્ટ બિઝનેસનો સતત વિસ્તાર કરી રહ્યું છે. તેનું લક્ષ્ય દેશની સૌથી મોટી સિમેન્ટ કંપની અલ્ટ્રાટેક સિમેન્ટને સખત સ્પર્ધા આપવાનું છે.

અદાણી ગ્રુપ એનર્જી સેકટરમાં પણ ઘણા વ્યવસાયો કરે છે. અદાણી પાવર નામની ગ્રુપ કંપની થર્મલ કોલસાની ખાણકામ કરે છે અને વીજ ઉત્પાદનનું સંચાલન કરે છે તે જ સમયે આ વીજળીનું ટ્રાન્સમિશન કામ અદાણી એનર્જી સોલ્યુશન્સ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત, સોલર, પવન અ હાઈબ્રિડ ઉર્જા ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપનીની હાજરી દેશના લગભગ એક ડઝન રાજ્યોમાં છે. તે જ સમયે અદાણી ટોટલ ગેસ પીએનજી સપ્લાય કરે છે. આ વ્યવસાય ફ્રેન્ચ એનર્જી કંપની ટોટલ એનર્જી સાથે ભાગીદારીમાં ચાલવામાં આવે છે. ગ્રુપે ડેટા સેન્ટર સેકટરમાં પણ મોટાપાયે રોકાણની જાહેરાત કરી છે.

# રાતા સમુદ્રમાં હુથીના હુમલા બાદ ક્રુડ ઓઈલ 100 ડોલર નજીક

**રાતા** સમુદ્રમાં હુથી બળવાખોરોએ સાઉદીના બે ઓઇલ ટેન્કર પર હુમલો કર્યો હતો

નવી દિલ્હી, તા. 23: આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડ ઓઈલના ભાવમાં ભારે વધારો જોવા મળી રહ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ અટકવાને બદલે મોટું સ્વરૂપ લઈ રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ બાદ હવે લાલ સમુદ્રમાં પણ હિંસા શરૂ થઈ ગઈ છે. યમનના હુથી બળવાખોરોનું કહેવું છે કે તેઓએ લાલ સમુદ્રમાં સાઉદી અરેબિયાના બે ઓઈલ ટેન્કર પર હુમલો કર્યો હતો. હુમલા બાદ ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો આવવા લાગ્યો છે. જેની અસર માત્ર યુદ્ધ ક્ષેત્ર પર જ નહીં પરંતુ અન્ય બાબતો પર પણ ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવથી જોવા મળી રહી છે.

હોર્મુઝની પ્રથમ સામુદ્રધુનીમાં ઈરાનના હુમલા બાદ નાકાબંધી શરૂ થઈ હતી. હવે ઈરાનના પ્રબળ સમર્થક હુથીઓએ લાલ સમુદ્રમાં નાકાબંધી શરૂ કરી દીધી છે. ભારત સાઉદી અરેબિયા પાસેથી પણ તેલ ખરીદે છે. આવી સ્થિતિમાં આ હુમલાઓ ભારત પર દબાણ વધારી રહ્યા છે. કારણ કે આ નાકાબંધી પછી, બીજો રસ્તો આફ્રિકાની 'કેપ ઓફ ગુડ હોપ' અપનાવવાનો છે. પરંતુ આ રૂટની લંબાઈને કારણે વીમા અને પરિવહનનો ખર્ચ વધી રહ્યો છે.

આજરોજ ડબલ્યુટીઆઈ ક્રુડની કિંમત સવારે 1.43 ટકા વધ્યા પછી 88 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ છે. તેવી જ રીતે બ્રેન્ટ ક્રૂડની કિંમત પણ 1.90 ટકાના વધારા બાદ 95 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગઈ છે. અત્યાર સુધી ભારતમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો નથી, જ્યારે તેમને ખરીદીમાં ભારે નુક્સાનનો સામનો કરવો પડી રહ્યો છે. બ્લુમબર્ગના અહેવાલ અનુસાર ઈરાન સમર્થિત હુથી બળાવખોરોએ લાલ સમુદ્રમાં સાઉદી અરેબિયાના બે ટેન્કર પર હુમલો કર્યો હતો. એએનઝેડ ગ્રુપ હોલ્ડીંગ્સના વરિષ્ઠ કોમોડિટી સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ હાઈન્સ કહે છે કે લાલ સમુદ્રમાં વધતા હુમલાઓ ક્રુડ બજારમાં પરુવઠાની કટોકટીને વધુ તીવ્ર બનાવી શકે છે. અગાઉ હોર્મુઝ બંધ થવાના કારણે ઓઈલ માત્ર ઉંચા ભાવે જ વેચાઈ રહ્યું નથી, પરંતુ પુરવઠો પણ મર્યાદિત રહ્યો છે. જેને વૈશ્વિક અર્થતંત્રમાં મોંઘવારીના જોખમો તરીકે જોવામાં આવે છે.

# દેશમાં રૂ. 1.75 લાખ કરોડનું ખાદ્યતેલ આયાત કરાશે

**માત્ર** 8 મહિનામાં ભાવમાં 20 ટકાનો વધારો થયો

નવી દિલ્હી, તા. 23: ભારત ક્રુડ ઓઈલ તેમજ ખાદ્ય તેલનો મુખ્ય આયાતકાર છે. એક તરફ સરકાર દાળ તેલિબિયાંની આતમનિર્ભરતા મિશન પર ભાર આપી રહી છે. બીજી તરફ, દેશમાં ખાદ્યતેલની આયાત માટે બિલ પણ વધી રહ્યું છે. એકલા ચાલુ વર્ષ 2025-26ના પ્રથમ આઠ મિહનામાં ભારતના ખાદ્યતેલના આયાત બિલમાં 20 ટકાથી વધુનો વધારો થયો છે. સીઝનના અંત સુધીમાં તેનો આંકડો વધુનો વધારો થયો છે. સીઝનના અંત સુધીમાં તેનો આંકડો વધુ મોટો થઈ જશે.

સોલ્વન્ટ એકસટ્રેક્ટર્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના સભ્યોને લખેલા માસિક પત્રમાં એસઈએના પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું કે ભારત ખાદ્યતેલ ક્ષેત્રે તેની સફરમાં એક વળાંક પર છે અને ચેતવણીના સંકેતોને અવગણવા મુશ્કેલ બની રહ્યા છે. ચાલુ વર્ષના અંત સુધીમાં ખાદ્યતેલની આયાત રૂ. 1.75 લાખ કરોડ પર પહોંચી જશે. જે ગત ર્વષે રૂ .1.61 લાખ કરોડનું હતું. જે વિક્રમી સપાટીએ પહોંચવાની શક્યતા છે. એસઈએના પ્રમુખ અસ્થાનાએ જણાવ્યું હતું કે, ભારતીય રૂપિયાના સતત નબળા પવડાના કારણે આયાત મોંઘી થઈ છે, જ્યારે તેમણે કહ્યું હતું કે, હવામાનની અનિશ્ચિતતાઓ, જેમાં સામાન્ય કરતા ઓછી ચોમાસાની આગાહી અને ઘણા તેલિબિયાં ઉત્પાદક પ્રદેશોમાં વાવાણીમાં વિલંબ સામેલ છે, જે સ્થાનિક ઉત્પાદન અંગે ચિંતા વધારી રહી છે. આ ઉપરાંત, તેમણે માહિતી આપી હતી કે વૈશ્વિક ઘટનાક્રમને કારણે દબાણ વધી રહ્યું છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**જથ્થાબંધ ખાંડબજાર** — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૦૦૦ |
| એમ-૩૦ | ૫૦૦૦ |
| એસ-૩૦ | ૪૯૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૯૦૦ |
| એસ-૩૦ | ૪૮૦૦ |

**તેલ બજાર સુરત** — ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત** — (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૬૦૦ |
| તેજાબી સોનું | ૧૪૮૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૧૭૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૫૬૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૯૨૦૦ |

# અમેરિકાએ સાઉદી અરેબિયા માટે અણુ બોમ્બ બનાવવાનો માર્ગ ખુલ્લો કર્યો છે



ટુ ધ પોઇન્ટ • સંજય વોરા •

અમેરિકા એક તરફ અણુશસ્ત્રો માટેની દોડ અટકાવવાની હિમાયત કરે છે તો બીજી તરફ રાજકીય અને આર્થિક લાભ મેળવવા ગલ્ફના સાથી સાઉદી અરેબિયા સાથે કરાર કરીને તેને અણુ ટેકનોલોજી આપી રહ્યું છે, જેને કારણે ઇઝરાયેલમાં અસલામતી વધી ગઈ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સાઉદી અરેબિયા સાથેના એક કરારને મંજૂરી આપી દીધી છે, જે સાઉદીને તેના નાગરિક પરમાણુ કાર્યક્રમ માટે યુરેનિયમ સમૃદ્ધ કરવાની તાકાત આપી શકે છે. સાઉદી અરેબિયાને ૩૦ વર્ષની ભાગીદારી હેઠળ પરમાણુ ઊર્જા કાર્યક્રમ માટે અમેરિકા તરફથી મંજૂરી મળી ગઈ છે. આ કરારની જોગવાઈ મુજબ સાઉદી અરેબિયા યુરેનિયમ સમૃદ્ધ કરી શકે છે. આનાથી સાઉદી અરેબિયા પરમાણુ બોમ્બ વિકસાવી શકે છે કે કેમ તે અંગે પ્રશ્નો ઊભા થયા છે. મુસ્લિમ દેશોમાં પાકિસ્તાન એકમાત્ર દેશ છે, જે પરમાણુ બોમ્બ ધરાવે છે. આ કરારનો સમય તેને મહત્ત્વપૂર્ણ બનાવે છે, કારણ કે તે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે આવ્યો છે. આ કરાર અમેરિકાની નીતિમાં મોટો ફેરફાર હોય તેવું લાગે છે. જો કે, કેટલાક નિષ્ણાતોએ અનુમાન લગાવ્યું છે કે સાઉદી અરેબિયા પરમાણુ બોમ્બ વિકસાવે તેવી શક્યતા ઓછી છે.

આ કરારને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન માટે એક મોટી રાજદ્વારી સફળતા તરીકે જોવામાં આવી રહી છે, જેઓ પાંચ વર્ષથી આ કરાર માટે પ્રયત્નશીલ છે. ઘણા પરમાણુ નિષ્ણાતો આનો વિરોધ કરી રહ્યા હતા કે જો સાઉદી અરેબિયા યુરેનિયમ સંવર્ધન ટેકનોલોજી પ્રાપ્ત કરશે, તો તે ભવિષ્યમાં પરમાણુ શસ્ત્રો વિકસાવવા તરફ આગળ વધી શકે છે. આનાથી મધ્ય પૂર્વમાં પરમાણુ શસ્ત્રોની નવી સ્પર્ધા શરૂ થઈ શકે છે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને પહેલાં પણ ઘણી વાર કહ્યું છે કે જો ઈરાન પરમાણુ શસ્ત્રો વિકસાવે તો સાઉદી અરેબિયા પણ પરમાણુ શસ્ત્રો મેળવવા તરફ પગલાં લેશે. બિન-પરમાણુ દેશો સાથે કરાર કરતી વખતે અમેરિકા એક શરત મૂકે છે કે તે દેશો પોતે યુરેનિયમ સંવર્ધન નહીં કરે, પરંતુ આ કરારમાં આ શરત નથી. સાઉદી અરેબિયા પાસે યુરેનિયમનો ભંડાર છે. જો તેને યુરેનિયમને સમૃદ્ધ બનાવવાની મંજૂરી આપવામાં આવે તો તે પરમાણુ બળતણનું વધુ ઉત્પાદન કરી શકે છે.આ કરાર જો બિડેનના રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન શરૂ થયો હતો. તે સમયે અમેરિકા ઇચ્છતું હતું કે સાઉદી અરેબિયા પરમાણુ કરારના બદલામાં ઇઝરાયલને ઔપચારિક રીતે માન્યતા આપે અને બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરે. આ દરખાસ્ત હેઠળ અમેરિકા સાઉદી અરેબિયાને સુરક્ષા ગેરંટી, આધુનિક શસ્ત્રો અને તેના નાગરિક પરમાણુ કાર્યક્રમમાં સહાય પૂરી પાડવા સંમત થયું હતું. બદલામાં, સાઉદી અરેબિયા ઇઝરાયલ સાથે દૂતાવાસ ખોલશે, રાજદૂતની નિમણૂક કરશે અને સત્તાવાર સંબંધો સ્થાપિત કરશે તેવી અપેક્ષા રાખવામાં આવી હતી. જો કે, ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ હમાસ દ્વારા ઇઝરાયલ પર હુમલો થયો અને ત્યાર બાદ ગાઝામાં થયેલા યુદ્ધને કારણે આ યોજના નિષ્ફળ ગઈ હતી. સાઉદીએ કહ્યું કે જ્યાં સુધી અલગ પેલેસ્ટિનિયન રાજ્ય સ્થાપિત ન થાય ત્યાં સુધી તેઓ ઇઝરાયલને માન્યતા આપશે નહીં. ડોનાલ્ડ ટ્રમ્પે બાદમાં પોતાની વ્યૂહરચના બદલી અને કરારમાંથી ઇઝરાયેલનો એકડો કાઢી નાખ્યો હતો.

આ કરારથી અમેરિકાને બે મોટા ફાયદા મળી શકે છે : ૧. અમેરિકન કંપનીઓને સાઉદી અરેબિયામાં પરમાણુ ઊર્જા પ્લાન્ટ બનાવવા માટે અબજો ડોલરના કરાર મળી શકે છે. ૨. અમેરિકાને સાઉદી અરેબિ પરમાણુ રિએક્ટર બનાવવામાં ૧૦ વર્ષ કે તેથી વધુ સમય લાગી શકે છે. વળી આ કરાર સાઉદી અરેબિયાને લાંબા સમય સુધી અમેરિકન પરમાણુ ટેકનોલોજી અને સહાય પર નિર્ભર બનાવશે. આનાથી બંને દેશો વચ્ચે સુરક્ષા, વેપાર અને પરસ્પર સંબંધો મજબૂત થવાની અપેક્ષા છે. ચાના પરમાણુ કાર્યક્રમ પર નજીકથી નજર રાખવાની તક મળશે, જે તેને શસ્ત્રોના પ્રસાર અંગેની તેની ચિંતાઓને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. કોલંબિયા યુનિવર્સિટીના સેન્ટર ઓન ગ્લોબલ એનર્જી પોલિસીના નિષ્ણાત કરેન યંગના મતે સાઉદી અરેબિયા ફક્ત આજ માટે નહીં, પરંતુ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ પગલું ભરી રહ્યું છે. આ કરાર ફક્ત પરમાણુ ઊર્જા ઉત્પાદન પૂરતો મર્યાદિત નથી. તે સાઉદીની શક્તિમાં વધારો કરશે.

જો કોઈ કારણોસર અમેરિકા સાથેનો આ કરાર નિષ્ફળ જાય, તો સાઉદી અરેબિયા પાસે અન્ય વિકલ્પો છે. ખરેખર, સાઉદીઓએ વારંવાર ચેતવણી આપી છે કે જો અમેરિકા તેમને મદદ નહીં કરે, તો તેઓ ચીન, રશિયા, ફ્રાન્સ અથવા દક્ષિણ કોરિયા જેવા અન્ય દેશો પાસેથી પરમાણુ ટેકનોલોજી મેળવી શકે છે. ચીનની સરકારી કંપની ચાઇના નેશનલ ન્યુક્લિયર કોર્પોરેશન (CNNC) એ પહેલાથી જ સાઉદીમાં પરમાણુ પ્લાન્ટ બનાવવામાં રસ દાખવ્યો છે. રશિયાની સરકારી પરમાણુ કંપની રોસાટોમે પણ સાઉદી અરેબિયા સાથે પ્રારંભિક કરારો પર હસ્તાક્ષર કર્યા છે, જ્યારે દક્ષિણ કોરિયા અને ફ્રાન્સને પણ સંભવિત ભાગીદાર માનવામાં આવે છે. સાઉદી અરેબિયાને ચીનની છાવણીમાં જતું રોકવા માટે અમેરિકા દ્વારા કરાર કરવામાં આવ્યો છે. અમેરિકાએ અત્યાર સુધીમાં ભારત સહિતના દુનિયાના ૨૬ દેશો સાથે આવા કરાર કર્યા છે. યુરેનિયમનું સંવર્ધન એ પરમાણુ ટેકનોલોજીના સૌથી વધુ ગેરસમજવાળાં પાસાંઓમાંનું એક છે. તે મૂળભૂત રીતે બેવડા ઉપયોગની ટેકનોલોજી છે, જેનો અર્થ એ થાય કે આ ટેકનોલોજીનો ઉપયોગ શાંતિપૂર્ણ ઉપરાંત લશ્કરી હેતુઓ માટે બોમ્બ બનાવવા માટે પણ થઈ શકે છે. તેનો ઉપયોગ કેવી રીતે થાય છે તેના પર આધાર રાખે છે. પરમાણુ શસ્ત્રો બનાવવા માટે લગભગ ૯૦ ટકા સુધી સંવર્ધન કરાયેલ યુરેનિયમની જરૂર પડે છે, જેને શસ્ત્ર-ગ્રેડ યુરેનિયમ તરીકે ઓળખવામાં આવે છે. વીજળી ઉત્પાદન માટે યુરેનિયમને સંવર્ધન કરવા માટે વપરાતા સેન્ટ્રીફ્યુજ મૂળભૂત રીતે શસ્ત્ર-ગ્રેડ સામગ્રી બનાવવા માટે વપરાતા સેન્ટ્રીફ્યુજ જેવા જ છે. તફાવતો તેમના કાર્યકારી સમય, ઉપયોગમાં લેવાતા સેન્ટ્રીફ્યુજની સંખ્યા અને સંવર્ધનના સ્તરમાં રહેલો છે.

વૈશ્વિક પરમાણુ ઉદ્યોગના સૌથી કડક રીતે નિયંત્રિત ભાગોમાંનો એક ભાગ એ યુરેનિયમ સંવર્ધન ટેકનોલોજી છે. સંવર્ધન ક્ષમતાનો અર્થ એ નથી કે સાઉદી અરેબિયા બોમ્બ બનાવી રહ્યું છે. આમ કરવા માટે, તેણે આંતરરાષ્ટ્રીય સલામતીને બાયપાસ કરવી પડશે, યુરેનિયમને શસ્ત્ર-ગ્રેડ સ્તર સુધી સમૃદ્ધ બનાવવું પડશે, શસ્ત્ર ડિઝાઇન કરવું પડશે અને ડિલિવરી સિસ્ટમ વિકસાવવી પડશે. આ પગલાંઓ છુપાવવાં મુશ્કેલ હશે અને તેનાં આંતરરાષ્ટ્રીય પરિણામો આવશે. આ 30 વર્ષનો કરાર યુએસ કંપનીઓને સાઉદી અરેબિયાના નાગરિક પરમાણુ માળખાના નિર્માણમાં મુખ્ય ભૂમિકા આપે છે, જેનો ખર્ચ અબજો ડોલર થઈ શકે છે. તે સાઉદી અરેબિયામાં અમેરિકા સમર્થિત યુરેનિયમ સંવર્ધન સુવિધા બનાવવાની શક્યતા પણ ખુલ્લી રાખે છે. આ કરારના માળખામાં સાઉદી અરેબિયાના અનિયંત્રિત સંવર્ધન કાર્યક્રમને બદલે કોઈ પણ સંવર્ધન ક્ષમતાને અમેરિકા સમર્થિત અને દેખરેખ હેઠળ રાખવાની માંગણી કરવામાં આવી છે. આનાથી વોશિંગ્ટનની દેખરેખ રહેશે અને રિયાધને તેની પરમાણુ મહત્ત્વાકાંક્ષાઓ પર નિયંત્રણ મળશે. સાઉદી અરેબિયા પાસે યુરેનિયમનો ભંડાર છે. જો તેને યુરેનિયમને સમૃદ્ધ બનાવવાની મંજૂરી આપવામાં આવે તો તે પરમાણુ બળતણનું વધુ ઉત્પાદન કરી શકે છે. સાઉદી અરેબિયા ૨૦૩૦ સુધીમાં તેની વીજળીનો મોટો હિસ્સો પરમાણુ ઊર્જામાંથી ઉત્પન્ન કરવાનું લક્ષ્ય રાખે છે, જેનાથી ખનિજ તેલ પરની તેની નિર્ભરતા ઓછી થાય છે. અમેરિકન કોંગ્રેસમાં ઘણા ડેમોક્રેટિક સભ્યો આ કરારનો વિરોધ કરી રહ્યા છે અને દલીલ કરી રહ્યા છે કે તે મધ્ય પૂર્વમાં પરમાણુ શસ્ત્રોની સ્પર્ધાને વેગ આપશે એટલું જ નહીં પરંતુ ઈરાનના પરમાણુ કાર્યક્રમને નિયંત્રિત કરવાની શક્યતા પણ ઘટાડશે. આ વિરોધ છતાં સંસદ માટે કરારને અવરોધિત કરવો સરળ રહેશે નહીં. આગામી દિવસોમાં આ કરારને મંજૂરી માટે સંસદમાં રજૂ કરવામાં આવશે. જો સંસદ તેને અવરોધિત કરવા માંગતી હોય તો તેણે સંયુક્ત ઠરાવ પસાર કરવો પડશે. જો રાષ્ટ્રપતિ પ્રસ્તાવને વીટો કરે છે, તો સંસદને વીટોને રદ કરવા માટે બંને ગૃહોમાં બે-તૃતીયાંશ બહુમતી મેળવવાની જરૂર પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ કરારને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન માટે એક મોટી રાજદ્વારી સફળતા તરીકે જોવામાં આવી રહી છે, જેઓ પાંચ વર્ષથી આ કરાર માટે પ્રયત્નશીલ છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**ખુશાલભાઈ જ્વેલર્સને**
જોઈએ છે. સેલ્સમેન / સેલ્સગર્લ. અનુભવીને પહેલી પસંદગી. લાયકાત ધરાવતા ઉમેદવારને પગારનો કોઈ બાધ નથી. સવારે ૧૧ થી ૫ માં રૂબરૂ મળો. અંબિકાનિકેતન બસ સ્ટોપ સામે, પાર્લે પોઈન્ટ, સુરત. MO: 8160859341 (220)

**તાત્કાલિક શિક્ષકની**
જરૂર છે સવારપાળી અંગ્રેજી માધ્યમમાં ધોરણ 1થી 5માં ભણાવી શકે તેવા તથા બપોરપાળી ગુજરાતી માધ્યમમાં ધોરણ 9થી 12 ગુજરાતી ECO, BA, ENGLISH, SS,ગુજરાતી ભણાવી શકે તેવા ઉમેદવારોએ રૂબરૂ સંપર્ક કરવો (બપોરપાળીમાં વિઝિટર શિક્ષક પણ ચાલશે) શ્રી ભગવતી વિદ્યાલય, A/5 પારસ સોસાયટી કતારગામ રોડ, સુરત,

**ઉધના ઓફિસ**
માટે, એકાઉન્ટિંગ અને કોમ્પ્યુટર વર્ક માટે બહેનો જોઈએ છે. સંપર્કઃ 9725127784

**જોઈએ છે**
ઈન્કમટેક્ષ જી.એસ.ટી અને માર્કેટીંગ માટે ઓફિસ સ્ટાફ કતારગામ સુરત. મો. 9909660880

**મોટા વરાછા**
સ્થિત પરફ્યુમ મેન્યુફેક્ચરિંગ યુનિટ માટે પેકેજિંગનું કામ કરવા યુવકની જરૂર છે. 9316472967

**જોઈએ છે**
D.T.P કોમ્પ્યુટર ઓપરેટર ૧૦ થી ૧૫ વર્ષનો અનુભવ જરૂરી. મો. 8530550016

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

મિલ્કત વેચવાની છે

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદરાનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, સાથે હરિદ્રાર, ચોક્કસ ઉપડશે. તારીખ- 9/9, 22/9, 6/10. દિવસ- 15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિલીંગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11. (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934. (નોંધઃ દિવાળી પ્રવાસોનું બુકીંગ શરૂ થઈ ગયું છે.)

**પાલમાં ઓફિસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, બિસલ સર્કલ પાસે
9712979399

**ક્ષેત્રપાળ ટૂર્સ.**
(ઓગસ્ટ, સપ્ટેમ્બર અને દિવાળી વેકેશન પ્રવાસો) (ભુતાન 07 રાત્રી 08 દિવસ. જતા- આવતા ફ્લાઈટ 09-09) (પાંચ જ્યોતિર્લિંગ, અષ્ટવિનાયક 15-08, 31-08) (કલકતા, ગંગાસાગર, જગન્નાથપુરી 05-09, 12-11) (હૈદરાબાદ, મલ્લિકાર્જુન, મદુરાઈ, રામેશ્વર, તિરૂપતિ 14-08) (હૈદરાબાદ રામોજી, શ્રીશૈલમ 15-08, 13-09, 14-11) (નેપાળ, પોખરા, કાઠમંડુ, મુક્તિનાથ 06-09, 13-11) (વારાણસી, બૌધગયા, બૈજનાથ, ઝારખંડ 27-09) (સ્પેશિયલ કેરાલા 07-11, 14-11) સુરેશભાઈ પુરોહિત. 9825105053

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.